BRAMPTON Flower City
brampton.ca

# media release

જૂન 12, 2018

## બ્રામ્પટન માર્કેટ્સ – રેસિપી ફોર એ ગુડ ટાઇમ (એક સારો સમય વિતાવવાની તક)

બ્રામ્પટન, ઓન્ટેરિયો – બહુ રાહ જોવડાવતા બ્રામ્પટન માર્કેટ્સ આ જૂન મહિનામાં ફરી શરૂ થવાના છે અને એક સારો સમય વિતાવવા માટેની પરિપૂર્ણ તક આપવાનું વચન આપે છે.

### ડાઉનટાઉન બ્રામ્પટન ફાર્મર્સ માર્કેટ

75 થી વધારે ઉત્પાદકો, તૈયાર માલ વેચનારાઓ, અને સ્થાનિક કુશળ કારીગરો-ધંધાદારીઓ દ્વારા શનિવાર, જૂન 16 થી શરૂ થતું, 2018 નું ફાર્મર્સ માર્કેટ ડાઉનટાઉન બ્રામ્પટનમાં નેલ્સન સ્ટ્રીટથી વૅલિંગ્ટન સ્ટ્રીટ સુધીની મેઇન સ્ટ્રીટ પર ફેલાશે.

અસલમાં લેબર ડે પછી રોઝાલી પાર્કમાં ખસેડવાના આયોજન પ્રમાણે, ડાઉનટાઉન ફાર્મર્સ માર્કેટ હવે મેઇન સ્ટ્રીટમાં થેન્ક્સગિવિંગ અઠવાડિક રજાઓ સુધી ચાલુ રહેશે.

2018 માર્કેટ, ગાર્ડન સ્ક્વેરમાં 25 ઉપરાંત નવા વિક્રેતાઓ (વેન્ડર્સ) અને 7 નવા કળાકારોને તક આપશે, જેમાં 20 જેટલા બ્રામ્પટનના સ્થાનિક ધંધાઓ હશે. વિક્રેતાઓની સંપૂર્ણ યાદી ઓનલાઇન જોઇ શકાય છે.

ડાઉનટાઉન ફાર્મર્સ માર્કેટ તાજા સ્થાનિક ઉત્પાદો, માંસ, વિશેષ ચીજવસ્તુઓ અને તૈયાર ખાદ્ય પદાર્થો એક જગ્યાએ ઉપલબ્ધ કરાવતી વન-સ્ટોપ શૉપ છે. આયોજનને લગતી વધુ માહિતી માટે, વેબસાઇટ www.brampton.ca/bramptonfarmersmarket જુઓ.

**ડાઉનટાઉન માર્કેટની વિગતો:**

- દર શનિવારે, સવારે 7 વાગ્યાથી બપોરે 1 સુધી, વરસાદ કે ઉજાશ ગમે તે હોય, ઓક્ટોબર 6 સુધી
- માર્કેટ હવામાન કઠોર (બહુ ખરાબ) થવાના કિસ્સામાં કાર્યરત રહેશે નહીં
- મેઇન સ્ટ્રીટ દર શનિવારે સવારે 5:45 વાગ્યાથી બપોરે 2 સુધી થિયેટર લૅનથી વૅલિંગ્ટન સ્ટ્રીટ સુધી બંધ રહેશે
- માર્કેટની ઋતુના સમયગાળા માટે સીટી હૉલની અંદર સ્થિત, સર્વિસ બ્રામ્પટનના કામકાજના કલાકો દર શનિવારે સવારે 9 વાગ્યાથી બપોરે 1 સુધી લંબાવવામાં આવશે
- સાર્વજનિક મફત પાર્કિંગ પાંચ મ્યુનિસિપલ પાર્કિંગ ગૅરેજીસમાં ડાઉનટાઉનના આ હાર્દસમા વિસ્તારમાં ઉપલબ્ધ થશે: સીટી હૉલ, વેસ્ટ ટાવર, જોહ્ન સ્ટ્રીટ, નેલ્સન સ્ક્વેર અને માર્કેટ સ્ક્વેર
- વૉશરૂમ્સ સીટી હૉલમાં ખુલ્લા રહેશે

### માઉન્ટ પ્લીઝન્ટ વિલેજ માર્કેટ

ગુરુવાર, જૂન 21 નાં રોજ, 100 કમ્યુટર ડ્રાઇવ સ્થિત અઠવાડિક કામકાજના દિવસોમાં સાંજે માઉન્ટ પ્લીઝન્ટ વિલેજ સ્ક્વેરમાં કાર્યરત વિલેજ માર્કેટ આ ઋતુમાં ખુલ્લું રહે છે અને તેમાં ખેડૂતો અને તૈયાર ખાદ્ય પદાર્થ વિક્રેતાઓ મુખ્યત્વે હાજર રહેશે. આ વર્ષે નવી બાબતમાં

વધારાની બેઠકો અને ફૂડ ટ્રકોનો ફેરો જોવા મળશે જે સ્ક્વેરને ઉનાળામાં ગુરુવારની રાત્રોએ નવું અને રોમાંચક સામુદાયિક હળવા-મળવાનું સ્થળ બનાવશે.

**માઉન્ટ પ્લીઝન્ટ વિલેજ માર્કેટની વિગતો:**

- દર ગુરુવારે, સાંજે 4 વાગ્યાથી રાત્રે 8 સુધી, વરસાદ કે ઉજાશ ગમે તે હોય, ઓક્ટોબર 4 સુધી
- માર્કેટ હવામાન કઠોર (બહુ ખરાબ) થવાના કિસ્સામાં કાર્યરત રહેશે નહીં
- માર્કેટ માટેનું પાર્કિંગ ઉનાળુ ઋતુ માટે માઉન્ટ પ્લીઝન્ટ વિલેજ સ્કૂલના પાર્કિંગ લૉટમાં ઉપલબ્ધ છે. વધારાનું સ્ટ્રીટ પાર્કિંગ મહત્તમ ત્રણ કલાક સુધી ઉપલબ્ધ રહે છે.
- વૉશરૂમ માઉન્ટ પ્લીઝન્ટ વિલેજ લાઈબ્રેરી અને કમ્યુનિટી સેન્ટરમાં ખુલ્લું રહેશે

**અવતરણ (ક્વૉટ):**

"અમે બ્રામ્પટનમાં માર્કેટ ઋતુના સ્થળો, સુગંધો અને શોરબકોરને (ધ્વનિને) આવકારવા બહુ રોમાંચિત છીએ. સમગ્ર ઓન્ટેરિયોના લોકોને ડાઉનટાઉનમાં આવવા અને માઉન્ટ પ્લીઝન્ટ વિલેજ માર્કેટ્સ જે આપવાની તૈયારી બતાવે છે તે તમામ ઓફરો શોધવા નિમંત્રિત કરીએ છીએ. તમામ ઉંમરના લોકો માટે મોજમજા કરવા સ્થાનિક ખાદ્યપદાર્થો અને પ્રવૃત્તિઓ ઉપલબ્ધ રહેશે. આ માર્કેટ ઋતુમાં આપને બ્રામ્પટનમાં જોવા આશાવાદી છીએ!"

- *મેયર લિન્ડા જૅફ્રી (Linda Jeffrey)*

-30-

**બ્રૅમ્પટન વિશાળ આયોજનો વિષે વિચારે છે.** અમે તીક્ષ્ણ ફોકસ ધરાવતું ભવિષ્ય માટે તૈયાર સંગઠન છીએ. અમે જાણીએ છીએ કે આપણા સમુદાયની વૃદ્ધિ, યુવાની અને વૈવિધ્ય આપણને અલગ ઓળખ પ્રદાન કરે છે. અમે કૅનેડાના ઈનોવેશન સૂપર કૉરિડોર ખાતે સ્થિત છીએ જ્યાં રોકાણોને પ્રોત્સાહિત કરીએ છીએ અને વૈશ્વિક સ્તરે અમારી સફળતામાં વૃદ્ધિ કરી રહ્યા છીએ. અમે બનાવી રહ્યા છીએ એવા ગતિશીલ શહેરી કેન્દ્રો જે તકોનો તણખો ચાંપે છે અને અહીં કામ કરતા લોકોમાં ગૌરવની લાગણીનો સંચાર કરે છે. અમે બ્રૅમ્પ્ટનને આગળ ધપાવી રહ્યા છીએ જેથી તે એક જોડાણ ધરાવતું શહેર બને જે પ્રવર્તનાત્મક, વ્યાપક અને સાહસિક હોય. અમને Twitter અને Facebook પર ફોલો કરો. અહીં વધુ જાણકારી મેળવો www.brampton.ca.